**DATE: 03/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASAKR PAGE–04**

### ઘરમાંથી કોઇનો ભાગવાનો અવાજ આવતાં પત્નીની હત્યા કરાઇ

# અંકલેશ્વરમાં પત્નીની હત્યા કરી ભાગેલો પતિ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના ગડખોલ ગામની ઓમ સાંઈ રેસીડિન્સીમાં પત્નીના અન્ય વ્યક્તિ સાથે અનૈતિક સંબંધ હોવાની શંકામાં તેની હત્યા કરી ફરાર થઇ ગયેલાં પતિને પોલીસે ઝડપી પાડયો છે.

મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી અને સાંઈ રેસિડન્સીમાં છેલ્લા 2 વર્ષથી સદામખાન રમઝાનખાન તેની પત્ની શાઈનાબાનુ અને 3 બાળકો સાથે રહે છે. છેલ્લા



કેટલાક વખતથી સદામ ખાન પોતાની પત્ની પર અનૈતિક સંબંધ ની શંકા રાખી ઝઘડો કરી રહ્યો હતો .

તા 31 માર્ચના રોજ રાત્રીના અરસામાં નોકરી પરથી ઘરે આવ્યા હતા તે દરમિયાન ઘરમાંથી કોઈ ભાગ્યું હોવાનો અવાજ આવ્યો હતો. સદામે પત્નીને ઘરમાંથી કોઈ ભાગ્યું તેના વિશે પૂછતા બંને વચ્ચે ઝગડો થયો હતો. જેમાં સદામે પત્નીને ગળે ટુંપો દઈ હત્યા કરી નાંખી હતી અને ફરાર થઈ ગયો હતો.પોલીસે હત્યારા પતિને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 03/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASAKR PAGE–01**

## જાહેરમાં ગંદકી કરનારાઓ પાસેથી દંડ વસૂલાશે

# ભરૂચમાં આજે પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં જાહેરમાં ગંદકી ફેલાવનારાઓ તથા દિવાલોને ગંદી કરનારાઓ સામે 500 રૂાનો ન્યૂસન્સ ચાર્જ લેવાની શરૂઆત કરી દેવામાં આવી છે. પહેલી એપ્રિલના રોજ તપાસ માટે ગયેલી પાલિકાની ટીમ સાથે સ્થાનિકો ઘર્ષણમાં ઉતરી આવ્યાં હતાં અને ખોટી રીતે ગરીબ વેપારીઓને હેરાન કરવાની ગતિવિધિ હોવાનો આક્ષેપ કર્યો હતો.

ભરૂચ શહેરમાં મહિને 35 લાખનો ખર્ચ કરી 40 કિમીના મુખ્યમાર્ગોની સફાઇ કરવામાં આવી રહી છે તેમજ લાખોના ખર્ચે દિવાલોને પેઇન્ટીંગથી સજાવવામાં આવી છે. શહેર સ્વચ્છ અને સુંદર રહે તે માટે જાહેરમાં ગંદકી કરનારાઓ પાસેથી 500 રૂા. ન્યુસન્સ ચાર્જ લેવાની શરૂઆત કરવામાં આવી છે. પહેલાં દિવસે સ્થાનિકો સાથે થયેલાં ઘર્ષણ બાદ આજે સોમવારથી ટીમો પોલીસ બંદોબસ્ત સાથે તપાસમાં નીકળશે.

**DATE: 04/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### ભરૂચમાં બાળકીની હત્યા કરનાર માતાની અટક કરતી પોલીસ

# પતિ સાથેના ઝઘડામાં પત્નીની દીકરીની હત્યા કર્યાની કબૂલાત

## અગાઉ બે બાળકીના રહસ્યમય મૃત્યુ સમયે પણ માતા જ સાથે હતી

। ભરૂચ ।

ભરૂચ નગરનાં રામનગરમાં ગતરોજ છ વર્ષની માસૂમ બાળકીની હત્યા થઈ હોવાનો બનાવ બન્યો હતો. આ બનાવ અંગે બાળકીની માતાએ હત્યાની કબૂલાત કરી પતિ અને પત્ની વચ્ચે થતા ઝઘડાના કારણે દીકરીની હત્યા કરી હોવાની પણ કબૂલાત કરી હતી .

ભરૂચના રામનગરમાં રહેતા અને મૂળ રાજસ્થાની રાજપૂત પરિવારની ત્રીજી બાળકીનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થતા માતા જ શંકાના દાયરામાં આવી ગઈ છે. ત્રણેય બાળકીઓ મૃત્યુ વખતે માતા જ સાથે હોય ત્યારે હોવાનો રહસ્ય સર્જાયું છે

આ બનાવની મળતી માહિતી અનુસાર ભરૂચના કોર્ટ રોડ પર આવેલા એકતા નગરની પાછળ રામનગર વિસ્તારમાં એક મકાનમાં પરપ્રાંતી પરિવારો વસવાટ કરે છે. મૂળ રાજસ્થાનના જોધપુરના કલ્યાણ રાજપૂત સાથે નાનાભાઈ મનોજ રાજપૂત તેમની પત્ની નંદની રાજપૂત સહિતનો પરિવાર ભરૂચ રહે છે. આજે બન્ને ભાઈઓ નોકરીએ ગયા હતા. અને ઘરે નંદની રાજપૂત તેની ૬ વર્ષીય પુત્રી અંશુ સાથે એકલી હતી. તેવામાં અચાનક અંશુ બાળકી બેભાન થઈ ગઈ હોવાની જાણ થતાં પિતા અને કાકા તરતજ ઘરે દોડી આવ્યા હતા. અંશુને બાઈક પર ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. સિવિલ પર હાજર તબીબે બાળકીને ચેક કરતા તે મૃત હોવાનું જાહેર કરવા સાથે મોતનું કારણ પૂછતા યોગ્ય જવાબ મળ્યો ન હતો.

આવા સંજોગોમાં પોલિસે માતા નંદિનીની અટક કરી પૂછપરછ કરતા માતા નંદિનીએ પોતાના પતિ સાથે વખતો વખત થતા ઝઘડાના પરિણામે બાળકીની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. આ અગાઉ બે બાળકીની હત્યા અંગે ભરૂચ પોલીસ રાજસ્થાન પોલીસનો સંપર્ક કરી રહી છે.

DATE: 04/04/2023 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE–07

# અંકલેશ્વર GIDCમાં રૂા. ૧૭.૫૪ લાખની ચોરીમાં વધુ બેની ધરપકડ

## પોલીસે અગાઉ ત્રણ ચોરો સાથે એક ભંગારીયાને ઝડપી પાડ્યો હતો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર જીઆઈડીસીમાં ખાનગી કંપનીએ ભાડે રાખેલા ગોડાઉનમાંથી રૂપિયા ૧૭.૫૪ લાખની કિંમતના સામાનની ચોરીમાં જીઆઈડીસી પોલીસે વધુ બે રીસીવરને ઝડપી પાડ્યા છે. પોલીસે અગાઉ એક ભંગારીયા સહીત ચાર ભંગાર ચોરોની ધરપકડ કરી હતી .

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર જીઆઈડીસીમાં ખાનગી કંપની સામે આવેલી જગ્યામાં એશિયન પેઈન્ટ કંપની દ્વારા પ્લોટ ભાડેથી રાખી તેમાં કંપનીનો સામાન મુકવામાં આવ્યો હતો. જે ૧૯ મી માર્ચ ૨૦૨૩ થી ૧૮મી માર્ચ દરમિયાન પ્લોટ માંથી કેબલ ડ્રમ નંગ -૧૨, લોડ માઉન્ટ બોક્સ નંગ- ૧૫ મળી રૂપિયા ૧૭.૫૯ લાખ ઉપરાંત ના સામાનની ચોરી થઈ હતી. જે અંગે કંપની સંચાલકો દ્વારા જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી મળેલી માહિતી ના આધારે આ ચોરીને અંજામ આપનાર મોહિત પાલ, દીપક પાટીલ અને સમીર યાદવને ચોરીના લોડ માઉન્ટ નંગ ૦૯ સાથે ઝડપી પાડ્યા હતા. ત્રણેય ની સઘન પૂછપરછ કરતા ચોરી કરેલા કેબલ વાયરમાંથી કોપર તાર કાઢી ભંગાર લે વેચ કરતા ભંગારીયાને વેચાણ કર્યું હોવાનું જણાવતા પોલીસે રચના નગરના ભંગારીયા મોન્ટુ પાસવાનને ઝડપી પાડ્યો હતો.

તેઓની સઘન પૂછપરછ કરતા ચોરીનો મુદ્દામાલ સારંગપુરની પદ્માવતી નગરમાં રહેતા અયાઝ અહમદ એજાઝ ચૌધરી અને ફઝલુર રહેમાન મહેફુજર ચૌધરીને વેચાણ કર્યો હોવાનું જણાવતા જીઆઈડીસી પોલીસે બંને રીસીવર ને ઝડપી પાડી મુદ્દામાલ રિકવર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 04/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 2008માં પેરોલ પર છૂટયા બાદથી ફરાર : કોર્ટે 10 વર્ષની સજા ફટકારી હતી

# અંકલેશ્વરમાં દુષ્કર્મના કેસમાં 15 વર્ષથી ફરાર કેદી દ્વારકાથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરમાં 2005માં 5 વર્ષની બાળકી પર દુષ્કર્મ કેસમાં પેરોલ જમ્પ કરી નાસતા ફરતાં આરોપીને દેવભૂમિ દ્વારકાની પોલીસે ઝડપી પાડયો છે.

અંકલેશ્વરમાં રહેતા રાધે સિંગ રાણાધાર ઉર્ફે બિહારી સિંગ રાજપૂતને વર્ષ 2005 એક પાંચ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મના કેસમાં 10 વર્ષ કેદની સજા ફટકારવામાં આવી હતી. આરોપી વડોદરાની મધ્યસ્થ જેલમાં સજા કાપી રહયો હતો. તેણે પેરોલ માટે અરજી કરતાં 6 ઓગષ્ટ 2008 થી 21 મી ઓગસ્ટ 2008 સુધીના 14 દિવસની ફર્લો રજા ઉપર મુક્ત કરવામાં આવ્યો હતો. આરોપીની રજાનો સમયગાળો પૂર્ણ થતાં તે વડોદરા મધ્યસ્થ જેલ ખાતે નહિ થઈને ફર્લો જંપ કરીને ફરાર થઇ ગયો હતો. ભરૂચ પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઇ રાણા તથા તેમની ટીમે દ્વારકામાં વોચ ગોઠવી હતી. છેલ્લા 15 વર્ષથી ફરાર આરોપીને દ્વારકાથી ઝડપી પાડી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસના હવાલે કરાયો હતો. છે.

**DATE: 06/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# જંબુસરના કાવીમાંથી ચાર જુગારીયા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર તાલુકાના કાવી ગામના આંબાવાડીયામાં જુગારના અડ્ડા પર ત્રાટકેલી પોલીસે ચાર જુગારીયાને ઝડપી પાડયાં છે જ્યારે એક ફરાર થઇ ગયો છે. કાવીનો યાસીન ઉર્ફે ખાચર ગાંડાવાલો આંબાવાડીયામં જુગાર રમાડતો હોવાની માહિતી કાવી પોલીસને મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસને જોઇ જુગારીયાઓમાં નાસભાગ મચી ગઇ હતી. સ્થળ પરથી ચાર જુગારીયાઓને 8,500ના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયાં હતાં જ્યારે એક ફરાર થઇ ગયો હતો.

**DATE: 08/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અંકલેશ્વર પાસે લક્ઝરી બસને આંતરી હતી : પાંચ હજી ફરાર

# ₹ 2.50 કરોડના હીરાની લૂંટના પ્રયાસમાં આરોપી યુપીથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના નેશનલ હાઈવે નજીક લક્ઝરી બસને આંતરીને આંગડીયા પેઢીના કર્મચારીને લૂંટવાના પ્રયાસની ઘટનામાં ઓગષ્ટ મહિનાથી નાસતા ફરતા આરોપીને પોલીસે ઉત્તરપ્રદેશથી ઝડપી પાડયો છે.

ગત 24 મી ઓગસ્ટ 2021 ના ભરૂચ નજીક નેશનલ હાઈવે 48 ઉપર ગોપાલ ટ્રાવેલ્સની લક્ઝરી બસને આંતરીને આંગડીયા પેઢીના કર્મચારીને લૂંટવાનો પ્રયાસ કરાયો હતો. બસમાં સવાર આંગડીયા કર્મચારી પાસે અઢી કરોડ રૂપિયાની કિમંતના હીરા હતાં. બસમાં સવાર અનિલ ડાંગર અને ક્લીનર શફીકે લૂંટારૂઓને પડકારતાં લૂંટ થઈ શકી ન હતી. બંને યુવાનોની બહાદુરીની દેશભરમાં ચર્ચા થઈ હતી. ભરૂચ ક્રાઈમ બ્રાંચે ગુનાનો ભેદ ઉકેલી બે લૂંટારૂઓને ઝડપી પાડયાં હતાં જ્યારે 6 આરોપીને વોન્ટેડ જાહેર કર્યા હતાં. આ ગુનામાં નાસતા ફરતાં 6 આરોપીઓ પૈકી એકને ઉત્તરપ્રદેશ પોલીસે ઝડપી પાડયો છે. ઉત્તર પ્રદેશ પોલીસે ગુનામાં મોહમ્મદ જાવેદ મોહમ્મદ શરીફ ઝડપી પાડ્યો હતો જેની કડક પૂછપરછ કરતા તેને અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર 48 પર બેન્સન હોટલ નજીક લક્ઝરી બસને લૂંટવાના કરેલા પ્રયાસ ની કબૂલાત કરી હતી. ઉત્તરપ્રદેશ પોલીસે અંકલેશ્વર પોલીસને જાણ કરતાં એક ટીમ આરોપીને લેવા માટે યુપી ગઈ હતી અને તેને લઈને અંકલેશ્વર આવી પહોંચી છે. ટેમ્પાચાલકોની ગેંગે આંગડીયા પેઢીના કર્મચારીઓને લૂંટવા માટે કાવતરૂ ઘડયું હતું પરંતુ મુસાફર અને ક્લીનરની હિમંતથી નિષ્ફળ રહયું હતું. લૂંટારૂઓએ એક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું.

**DATE: 08/04/2023 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ એલસીબીની ટીમે 50થી વધુ સીસીટીવીના ફૂટેજ ખંગાળ્યાં

# રાજ્યમાંથી 9 વૈભવી કારની ઉઠાંતરી કરનાર ટોળકી બારડોલીથી ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ભરૂચ જિલ્લામાં વધતા જતા વાહન ચોરીના ગુનાને અટકાવા માટે તેમજ ચોરી થયેલા વાહન નો ભેદ ઉકેલવામાં માટે એસ.પી. ડો. લીના પાટીલના માર્ગદર્શન હેઠળ ભરૂચ એલસીબીના પી.આઈ ઉત્સવ બારોટે અલગ અલગ ટીમ બનાવી વિસ્તારમાં 50થી વધુ સીસીટીવી ફૂટેજ તપાસ્યાં હતાં. દરમિયાન અંકલેશ્વરમાંથી ચોરાયેલી વરના કાર સુરતના પલસાણા વિસ્તારમાં જોવા મળી હોવાની ચોક્કસ માહિતી મળી હતી. જે આધારે પોલીસે પલસાણાથી ફિલ્મી ઢબે પીછો શરુ કર્યો હતો. અને કાર ચોરોને બારડોલી રિલાયન્સ પેટ્રોલ પંપ પાસેથી ઝડપી પાડ્યા હતા.

પોલીસે પ્રતાપગઢ ઉત્તર પ્રદેશના ખુરશીદ અહેમદ નિશાર અહેમદ, હાલ સુરતના ડિંડોલી ખાતે નવાગામમાં રહેતા મૂળ યુપીના રામ બહાદુર રામાવતાર યાદવ અને મોહમ્મદ આમીર મોહંમદ ઝહીરની ધરપકડ કરી પૂછપરછ કરતા અંકલેશ્વરના 5 વાહન તેમજ સુરત, નવસારી અને તાપી જિલ્લામાં ચાર કુલ 9 વાહનોની ચોરીની કબૂલાત કરી હતી. ટીમે કારસામાં સંડોવાયેલાં અન્ય એક સાગરિત અરશદ ઉર્ફે આમીર ખાન અને ચોરીના વાહનો વેચાણ કરાવી આપનાર પંડિત નામના બે ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

## અંકલેશ્વરમાંથી 15 દિ'માં 5 વાહન ચોરી કર્યાં

*અંકલેશ્વર માં છેલ્લા 15 દિવસ માં અંકલેશ્વર શહેર અને જીઆઈડીસી વિસ્તાર માંથી 5 જેટલા વાહન ચોરી થયા હતા. જે અંગે એલસીબીએ અલગ અલગ ટીમ બની ટેક્નિકલ સર્વેલન્સ ટીમની મદદથી તેમજ 50 સ્થળેથી સીસીટીવી ફૂટેજ તપાસી વાહન ચોરોના સગડ મેળવ્યાં હતાં. ચોરીના વાહન પંડિત નામના શખ્સના સંપર્કથી રાજસ્થાનમાં વેચતા હોવાનો ઘટસ્ફોટ થયો છે. અન્ય આરોપીઓને વહેલી તકે ઝડપી પાડીશું. - ચિરાગ દેસાઈ. ડી.વાય.એસ.પી અંકલેશ્વર*

## ડુપ્લિકેટ ચાવી બનાવવા ફ્યુલ ટેન્કનું ઢાકણું ચોરતા

ઝડપાયેલો ખુરશીદ અહેમદ ડુપ્લીકેટ ચાવી બનવામાં એક્સપર્ટ હતો. જે રેકી કર્યા બાદ ફ્યુલ ટેન્કનું ઢાંકણ તોડી તેની ચાવી બનાવી કાર ચોરી કરતા હતા. તેમજ અન્ય આરોપી રામ બહાદુર દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાના માર્ગ ની જાણકાર હતો.

## ઝડપાયેલ 3 પૈકી 2 રીઢા ગુનેગાર

આંતરરાજ્ય વાહન ચોરી કરતી ગેંગના રામ બહાદુર યાદવ સામે મુંબઈમાં 6 તેમજ ખુરશીદ અહેમદ સામે મુંબઈના ભિવંડી પોલીસ મથકમાં 5 કાર ચોરીની ફરિયાદ નોંધાઈ છે. મહારાષ્ટ્રમાં વાહન ચોરી કરતી ગેંગે સુરતને બેઝ બનાવી ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી ચોરી કરી લાવી સસ્તામાં વેચી નાખતા હતા.

## પોલીસથી બચવા વાઈફાઈનો ઉપયોગ કરતાં

વાહન ચોરીના કેસમાં પોલીસ તેમને ટ્રેસ ન કરે તે માટે તેઓ મોબાઈલથી સાદો ફોન કરવાનું ટાળતાં હતાં. તેઓ તેમની સાથે એક વાઈફાઈ રાઉટર રાખતાં હતાં. જેની મદદથી તેઓ સોશિયલ મીડિયા થકી ઓનલાઈન ફોન કરતા હતાં.

**DATE: 08/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### વેપારીની દુકાનમાંથી પહેલાં ફોનની ચોરી કર્યા બાદ પૈસા અન્ય ખાતામાં જમા કરાવ્યાં

# અંકલેશ્વરના વેપારીના 4.33 લાખ ઉપાડી લેનાર સુરતના મહુવેજનો યુવાન ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના વેપારીનો મોબાઈલ ફોન ચોરી કરી બેંક ખાતાઓમાંથી 4.33 લાખ રૂપિયા ઉપાડી લેનારા મહુવેજના યુવાનને પોલીસે ઝડપી પાડયો છે. નવસારીથી પરત આવ્યાં બાદ વેપારીએ ફોન દુકાનમાં મુક્યો હતો તે દરમિયાન ફોન ચોરી થયો હતો પણ તેના પર રીંગ વાગતી હોવાથી વેપારીને ફોન દુકાનમાં જ હોવાનો ભ્રમ હતો પણ ખાતામાંથી પૈસા ઉપડી જતાં ફોન ચોરાયો હોવાની ખાતરી થઈ હતી.

અંકલેશ્વર ચાંદની પાર્ક ખાતે રહેતા મોહમદ ઈર્શાદ શેખ અનમોલ પ્લાઝા કોમ્પલેક્ષ માં કમલ ટ્રેડર્સ નામે અનાજ કરિયાણા ની હોલસેલ દુકાન ધરાવે છે. તેમના મોબાઈલ ફોનની ચોરી થયા બાદ તેમના બેંક ખાતાઓમાંથી ટુકડે ટુકડે 4.33 લાખ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યાં હતાં. બી ડિવિઝન પોલીસની ટીમ ટેક્નિકલ સર્વેલન્સ શરુ કરી દુકાન અને દુકાનની આજુબાજુ ના સીસીટીવી તપસ્યા હતાં. વેપારીનો ચોરાયેલો મોબાઈલ ફોન સુરતના માંગરોળ તાલુકાના મહુવેજ ગામ ખાતે હોવાની ચોક્કસ ખાતરી થઈ હતી. જેથી મહુવેજ ગામમાં છાપો મારી ઝકરિયા ફારુખ સમદ પટેલ ને ઝડપી પાડ્યો હતો અને તેની પાસે થી ચોરીના 3 મોબાઈલ પણ રિકવર કર્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં ઝકરિયા ફારુખ સમદ પટેલ એ જ રૂપિયા ઉપાડ્યા હોવાનું પણ પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. જે આધારે પોલીસે તેની પાસે ટુકડે ટુકડે ઉપાડેલા 4.33 લાખ રિકવર કરવા માટે રિમાન્ડની તજવીજ આરંભી હતી. આરોપીની અન્ય કોઈ ગુનામાં સંડોવણી છે કે કેમ તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

**DATE: 08/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## પોલીસે 3.77 લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો

# કાપોદ્રા પાસે ભંગારના જથ્થા સાથે વલસાડના 3 ઝડપાયા



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના કાપોદ્રા ગામ નજીક આવેલ હોટલ પાસેથી રૂરલ પોલીસે સ્વીફ્ટ ડિઝાયર કાર માંથી ફ્લેન્ચ અને પ્લેટો સહીત નો ભંગારના જથ્થા સાથે વલસાડના ત્રણ ઈસમને ઝડપી પાડ્યા હતા.

અંકલેશ્વર રૂરલ પોલીસને કાપોદ્રા ગામ પાસેથી સ્વીફ્ટ કારમાં ત્રણ ઈસમો લોખંડની ફ્લેન્ચ તેમજ લોખંડની પ્લેટો સહીત અન્ય ભંગારનો જથ્થો ભરી વલસાડ તરફ જવાના હોવાની માહિતી મળી હતી.જેથી પોલીસે કાપોદ્રા પાસે આવેલી હોટલ નજીક વોચ ગોઠવી હતી. કારમાં સવાર વલસાડ જિલ્લાના ટીઘરા ગામના કાર ચાલક કિરણ ધીરુ પટેલ ,ઉમેશ અમૃત હળપતિ અને વલસાડના ગુંદલાવ ગામના રણજિત મનુ પટેલ કાર સાથે અટકાવ્યા હતાં. પોલીસે કારમાં રહેલ ભંગારના જથ્થા બાબતે જરૂરી આધાર પુરાવા તેમજ બિલ્ટી માંગી હતી. જે ભંગારના જથ્થા સંબંધિત કોઈ પુરાવા ના રજુ કર્યા ના હતા. તેમજ સંતોષકારક જવાબ નથી આપતા ત્રણેયની અટકાયત કરી કાર સહીત 3.7 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 08/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ એસઓજીએ ટેમ્પો અને પિકઅપ કબજે કરી તપાસ આદરી

# અંકલેશ્વરના અંસાર માર્કેટમાંથી ₹ 2 લાખનો ભંગારનો જથ્થો જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પાસેના અંસાર માર્કેટ ખાતે આવેલ એસ. કે ટ્રેડર્સ સામે એક આઈસર ટેમ્પાને રોકી તપાસ કરતા તેના પાછળના ભાગે લોખંડની પ્લેટો અને સળિયાનો જથ્થો મળી આવ્યો હતો. કાપોદ્રાના ટેમ્પો ચાલક નિયામત પઠાણે ભંગારના જથ્થા અંગેના બિલ કે આધાર પુરાવા રજૂ કરી શક્યો ન હતો. પોલીસે ટેમ્પામાં રહેલું 85 હજારનું ભંગાર તથા 10 લાખનો ટેમ્પો મળી કુલ 10.85 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે બીજા કેસમાં અંસાર માર્કેટ ખાતે આવેલા એક શંકાસ્પદ બોલેરો પીકઅપને રોકીને તપાસ કરતા તેના પાછળના ભાગે લોખંડની મોટી બે પ્લેટો તથા લોખંડના સળીયા ભરેલા જોવા મળ્યાં હતાં. ભંગાર અંગે ડ્રાઈવર કોઈ પુરાવા રજૂ કરી શક્યો નથી.નવાગામ કરારવેલ ખાતે રહેતા ભંગારના વેપારી સદ્દામ નેક્સ ખાનની અટક કરી પીકઅપ સહિ 2.19 લાખ રૂા. ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પોલીસે બંને કિસ્સાઓમાં ભંગારનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને અંસાર માર્કેટમાં કોને વેચવાનો હતો તે દિશામાં તપાસ હાથ ધરી છે.

**DATE: 09/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### 181ની ટીમે માફીપત્ર લખાવી મામલો થાળે પાડયો

# અંકલેશ્વરની પરિણીતાની યુવાને હેરાનગતિ કરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરમાં રહેતી પરિણીતાને થોડા સમય પહેલાં સોશિયલ મીડિયા થકી એક યુવક સાથે પરિચય થયો હતો.જેમાં યુવકને પરીણિત યુવતી સાથે એક તરફી પ્રેમ થઈ ગયો હતો.જ્યારે યુવતી તેની સાથે ફક્ત મિત્રતા રાખવા માંગતી હતી.જોકે યુવક આ પરિણીતાને વારંવાર કોલ અને મેસેજ કરીને પ્રેમ કરવા દબાણ કર્યા કરતો હતો.જેથી કંટાળી ગયેલી પરીણિતા તેની સાથે સંબંધ કાપી નાખતા એક તરફી પ્રેમમાં પાગલ યુવક તેના પતિને બધું જણાવી દેવાની અને આપઘાત કરી લેવાની ધમકી આપતો હતો.

તેણે ગુજરાત સરકારની 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરીને મદદ માંગી હતી. કોલ મળતા જ ટીમ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી મહિલા સાથે વાતચીત કરીને ભરૂચના યુવકને પકડી તેની હરકત બદલ પોલીસ કાર્યવાહી કરવાની તજવીજ કરતા તેને પોતાની ભૂલ કબૂલ કરી માફી માગી કે હવે પછી કોઈ પ્રકારની હેરાનગતિ નહિ કરવાનું લેખિતમાં લખી આપ્યું હતું.જેથી પરિણીત મહિલા એ રાહતનો શ્વાસ લીધો હતો અને ટીમનો આભાર માન્યો હતો.

**DATE: 09/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### નવી નગરીમાં ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી સોંપી હોવાનો આરોપ

# 3 કામદારોના મોત બાદથી ફરાર દહેજના સરપંચ ભરૂચથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજની નવી નગરી વિસ્તારમાં ગટરની સફાઇ માટે સેફ્ટીના સાધનો વિના ત્રણ કામદારોને 20 ફૂટ ઉંડી ગટરમાં ઉતાર્યાં હતાં. દરમિયાનમાં ગટરની ગેસના કારણે ગુંગળાઇ જવાથી ત્રણેયના મોત થયાં હતાં. બનાવ સંદર્ભે સરપંચ અને ડેપ્યુટી સરપંચના પતિ સામે સાપરાધ માનવવધ અંગેનો ગુનો નોંધાયો હતો. દરમિયાનમાં દહેજ પોલીસે ભરૂચના રેલવે સ્ટેશન વિસ્તારમાંથી આરોપી સરપંચને ઝડપી પાડ્યો હતો.

દહેજ ગ્રામ પંચાયતના સરપંચ જયદિપસીંહ રણા તેમજ ડેપ્યુટી સરપંચના પતિ મહેશ ગોહિલે ગટર સફાઈનું કામ કરતાં ગલસીંગ વિરસિંગ મુનિયાને નવીનગરીની ગટરની સાફસફાઇ કરવાનું જણાવ્યું હતું. સત્તાધીશોએ કામદારોને સુરક્ષાના સાધનો આપ્યા વિના ડ્રેનેજ કામગીરી માટે મોકલી આપ્યા હતાં. દરમિયાનમાં 20 ફૂટ જેટલી ઊંડી અત્યંત દુર્ગંધ મારતી ડ્રેનેજ સાફ કરવા અનીપ જાલુ પરમાર, ગલસિંગ વીરસીંગ મુનિયા તથા પરેશ ખુમસંગ કટારા અંદર ઉતર્યા હતા જ્યાં ગુંગળાઇ જવાથી તેમના મોત નિપજ્યાં હતાં. ઘટનામાં સરપંચ અને ડેપ્યુટી સરપંચના પતિ સામે સાપરાધ માનવવધ અંગેનો ગુનો નોંધાતાં બન્ને ફરાર હતાં.

દરમિયાનમાં દહેજ પીઆઇ આર. જે. ગોહિલને તે પૈકીના આરોપી સરપંચ જયદિપસિંહ રાણા ભરૂચ રેલવે સ્ટેશન વિસ્તારમાં હોવાની ચોક્કસ બાતમી મળતાં તેને ઝડપી પાડ્યો હતો. ઘટનામાં હજી ડેપ્યુટી સરપંચના પતિ વોન્ટેડ હોઈ તેને શોધવા માટે પણ ટીમે ચક્રો ગતિમાન કર્યાં છે.

**DATE: 09/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## અંકલેશ્વરમાં 3 દિવસથી ચાલી રહેલી તપાસ

# અંસાર માર્કેટમાંથી ભંગારિયો બેનામી ભંગાર સાથે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના અંસાર માર્કેટમાં એક દુકાન માંથી એસએસ ની ફ્લેન્ચ સાથે એક ઈસમને એસ ઓ જી ની ટીમે ઝડપી પાડ્યો હતો.

ભરૂચ એસ ઓ જી પોલીસની ટીમે અંસાર માર્કેટમાં મદીના કોમ્પ્લેક્સમાં એક દુકાનમાં ફ્લેન્ચનો શંકાસ્પદ જથ્થો રાખવામાં આવ્યો હોવાની માહિતી મળી હતી. જેના આધારે તપાસ કરતા દુકાન માંથી નાની મોટી ફ્લેન્ચનો જથ્થો મળી આવ્યો હતો .પોલીસે કાપોદ્રા ગામ પાસે આવેલ ગ્રીનવેલી રો હાઉસ માં રહેતા અને મૂળ મુંબઈના અબ્દુલ સલામ અબ્દુલ ચૌધરીને ફલેન્ચના જથ્થાના બિલ કે આધાર પુરાવા અંગે પૂછપરછ કરતા તે સંતોષ કારક જવાબ આપી શક્યો ન હતો. તેની અટકાયત કરી પોલીસે રૂપિયા 25 હજારની કિંમતની ફ્લેન્ચનો જથ્થો જપ્ત કર્યો હતો. ભંગારના વેપારી સામે અંકલેશ્વર શહેર બી ડીવીઝન મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ આરંભી હતી.

**DATE: 09/04/2023 CATEGORY: GREEN**

**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વર પોલીસે 3 તસ્કરોને ઝડપી પાડી પૂછપરછ આદરી

# જૂના દિવા ગામેથી બેટરી ચોરી જનારી ટોળકી પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરમાં જુના દીવા ગામ ખાતે માધ્યમિક શાળાની દિવાલ પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી ઈક્કો ગાડીમાંથી અજાણ્યા તસ્કરો બેટરી, જેક , સાયલન્સર , જેબીએલ કંપની સાઉન્ડ સિસ્ટમ, એલઈડી ટીવીની ચોરી અંગેની ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પીએસઆઈ એ.એસ. ચૌહાણ અને પાથર



તથા સ્ટાફના જવાનોએ હ્યુમન ઈન્ટેલીજન્સ અને સીસીટીવી તથા ટેકનીકલ સર્વેલન્સ આધારે તસ્કરોનું પગેરૂ મેળવ્યું હતું. પોલીસે વોચ ગોઠવીને બંસી પટેલ,જ્યેશ વસાવા અને રાહુલ રાઠોડને પોલીસે ઝડપી પાડયાં હતાં.

તેમની પાસેથી એક ઈક્કો ગાડીનું સાયલન્સર, ટ્રેકટરની બેટરી, કારની મ્યુઝિક સિસ્ટમ સહિત કુલ 55 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલાં ત્રણેય આરોપીઓ અન્ય ચોરીમાં સંડોવાયેલાં છે કે કેમ તેની તપાસ પણ ચાલી રહી છે તથા તેમના અન્ય સાગરિતો કોણ તેની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.